

કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૧ ● જુલાઈ ૨૦૧૬




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧




















૧.ઈડર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેક દર્શન તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. નારણઘાટ મંદિરમાં કેશરસ્નાન બાદ આરતી ઉતારતા અમદાવાવાદ મંદિરના મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી. ૩. પેથાપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીને પુસ્તક ભેટ આપતા મહંત સ્વામી.૪.કુજાડ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. પી.પી.સ્વામી.પ. ન્યૂ રાણીપમંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૧

જુલાઈ-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂ. ૫૦-૦૦ ● છુટક નકલ રૂ. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પૂર્ણાનંદ સ્વામી | ૬ |
| ૦૪. | નિજ જનના પ્રતિપાળ સુખકારીજી ! | ૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૯ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૩ |

# અસ્મદીયમ્

આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૦૦ વર્ષ પહેલા જે સમયે વરસાદ નિયમિત તેના સમયે ખૂબજ સારો થતો તેવા સમયમાં કૂવા, વાવ, તળાવો જાતે શ્રમ કરી ખોદાવતા. વૃક્ષો વાવી તેનું જતન કરાવતા. તે પરંપરા તેમના ધર્મકુળ પરિવાર પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ને પ.પૂ. લાલજી મહારાજશ્રીમાં જોવા મળે છે. શ્રી સ્વામિનારાયણ બાગ (પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું નિવાસ સ્થાન) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આદિ જગ્યાએ દર વર્ષે નવા અનેક છોડ રોપા ઉગાડવામાં આવે છે જેથી ત્યાં ગમે ત્યારે જોવો તો લીંલુ છમ દેખાય.

જ્યાં ખૂબજ વૃક્ષો હશે ત્યાં હરિયાળી હશે. વરસાદ પણ ત્યાં ખૂબ પડે છે. આખા વિશ્વમાં આપણા ભારત દેશના ચેરાપૂંજીમાં સૌથી વધારે વરસાદપડતો. ત્યાં જંગલમાં નીચે સૂર્યનો પ્રકાશ દેખાતો નહીં એટલા ગાઢ જંગલો હતા. આજે ત્યાં પણ માણસોએ જંગલો કાપી નાખ્યા છે તેથી પહેલા જેટલો વરસાદ પડતો નથી. આ બધી આપણી દેન છે. આપણે જંગલો સાફ કરવા માંડ્યા છે. પર્યાવરણનું જતન કરવાને બદલે ઘોર ખોદી રહ્યાં છીએ. આપણા દેશમાં હાલ ચોમાસાની ઋતુ છે. પણ હજુ સુધી કોઈ નદી, તળાવો ડેમો ભરાય એટલો વરસાદ પડ્યો નથી. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આપસૌ આશ્રિતોએ આ ચાતુર્માસમાં એવું નિયમ એક વધારે લે જો કે પરિવારના જેટલા સભ્યો હોય તેટલા વૃક્ષ વાવજો. ખરેખર આપ સૌ તેનું પાલન કરશો જ એવી અમને શ્રધ્ધા છે. અને ત્યારે સમગ્ર ગુજરાતમાં દશ વર્ષમાં આપણને હરિયાળી ક્રાંતિ જોવા મળશે. આવા સુંદર કાર્યોથી આપણા ઈષ્ટદેવ પણ રાજી થશે.

આગામી અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના રોજ આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા સૌના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પૂજન-અર્ચનમાં લાભ લેવા આપ સૌને પધારવા અમારું નમ્ર સૂચન છે. તે જ રીતે અષાઢ વદ-૧૦ ના પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે પણ સમસ્ત સત્સંગને પધારવા ખાસ આગ્રહભર્યું આમંત્રણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન-૨૦૧૬)



| | |
|---|---|
| ૧ થી ૧૪ | ઈંગ્લેન્ડ અને અમેરિકા આપણા મંદિરના પાટોત્સવ અને કથા પ્રસંગે પધરામણી. |
| ૧૭ | લસુન્દ્રા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા ૭૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ પધરામણી ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા, શ્રી હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૬ | પ.ભ. રમેશભાઈ પટેલ (ગવાડાવાળા)ને ત્યાં પધરામણી. સાયન્સ સીટી ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ.ભ. વિરજીભાઈ હાલારીયા તરફથી આયોજીત શ્રી નરનારાયણદેવના અભિષેક પ્રસંગે પધરામણી. |
| ૨૭ | ખારવા ગામે (મારવાડ વાલી દેશ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી. |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાકરોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થઈ. |

# ॥ પૂર્ણાનંદ સ્વામી ॥

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર કરાવી બાથમાં લઈને શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે મંદિરની આગળ વેદીને વિષે પાટ ઉપર ગાદી તકિયા નંખાવીને બિરાજમાન થયા છે. ત્યારે ધોળો ખેસ પહેર્યો છે. ધોળી ચાદર ઓઢી છે. અને મસ્તકને વિષે કસુંબી રંગની નવલ પેચાળી પાઘ બાંધી છે. પાઘને વિષે ગુલાબના પૂષ્પના તોરા ઝુકી રહ્યા છે. પાઘમાં અત્તર બોળેલું છોગલું શોભી રહ્યું છે. કાન ઉપર ગુલાબના ગુચ્છ ખોશ્યા છે અને કંઠને વિષે ગુલાબના પુષ્પના હાર પહેર્યા છે. તેવામાં શ્રીજી મહારાજે કવિ સમ્રાટ સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી ! કીર્તન ગાઓ.

સ્વામીએ ચારણી શૈલીમાં પરજ રાગમાં સિતાર ઉપર કીર્તન શરૂ કર્યું,

**"છોગલીયું તારુ છેલ રે, ......**
**પૂર્ણાનંદ કે છોગલું મો'યું છે મનડું મારુ રે"**

પછી શ્રીજી મહારાજ બોલ્યા કે સ્વામી અમે તમને અંતઃકાળે આવું છોગલું ધારણ કરીને તેડવા આવશું. આ છોગલાવાળો તમને અંત સમયે તેડવા આવશે.

આ વચનને સ્વામીએ હૃદયમાં ધારણ કરી લીધા. અને સદાય સંભારી રાખતા.

કવિરાજ છેલ્લી અવસ્થામાં પોતાના મોસાળ સાણંદની પાસે ચંદ્રાસણમાં રહેતા હતા. પોતે અતિવૃદ્ધ થવાથી મકાનની પાસે ગુંદીનું ઝાડ હતું તેની નીચે ખાટલામાં બેસી કીર્તનો ગાતા અને ભજન કરતા. અંત સમયે બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ મોટેરા સંતો અક્ષરધામમાં તેડી જવા માટે આવ્યા. ત્યારે કહ્યું કે, સંતો ! તમો ભલે આવ્યા પરંતુ તમારો કે બીજાના તેડ્યો અક્ષરધામમાં નહિ આવું. કારણ કે સ્વામિનારાયણ ભગવાનને મેં જ્યારે છોગલીયું તારુ છેલ રે, એ કીર્તન સંભળાવેલું ત્યારે મને વચન આપેલું છે કે, આ છોગલાવાળો અંત સમયે તમને તેડવા આવશે.

મેં મહારાજની એક પણ આજ્ઞા લોપી નથી માટે સ્વામિનારાયણ મોટું છોગલું મેલીને માણકી ઘોડી પર બેસી મને તેડવા આવશે તો જ તોજ તોજ આવીશ.''

સંતો અદૃશ્ય થયા પછી ત્રણ દિવસ ત્રણ રાત કીર્તનો ગાયાં ત્યારે દાસની ટેક રાખવા આપેલ વચન પાળવા શ્રીજી મહારાજ માણકી ઘોડી પર બેસી માંથે એજ કસુંબલ રંગનું છોગલું ધારણ કરી ગજાગઢવીને દર્શન આપી નિજ ધામમાં તેડી જવા પધાર્યા. કવિરાજ કહે મને એકલાને આપનાં દર્શન થાય તેથી લોકોને શી ખબર પડે ? આખા ગામને દર્શન દઈને મને તેડી જાવ. ભક્તરાજની બધીજ ઈચ્છાઓ પૂર્ણ કરવા ચંદ્રાસણ ગામના તમામ લોકોને દિવ્યરૂપે દર્શન આપી નિજદાસને નિજધામમાં તેડી ગયા.

આ વાત કહી એ શ્રીજી મહારાજના ખૂબજ પ્રિય અષ્ટકવિઓમાં સૂર્યસરખા પ્રથમ પંક્તિના સંત કવિશ્વર સદ્‌ગુરુ પૂર્ણાનંદ સ્વામી.

શ્રીજી મહારાજ મેમકા ગામે પધાર્યા છે. તેમના દર્શને મેથાણથી અજોભાઈ આવ્યા તેમની સાથે કવિરાજ ગજા ગઢવી માંથે આંટીઆળી પાઘડી પહેરીને દરબારી પોષાકમાં આવ્યા છે. શ્રીહરિ તે સમયે મેમકાની નદીમાં કૂવો હતો ત્યાં સ્નાન કરીને પાછા પધારતા હતા ત્યારે શ્રીહરિની ચાલ જોઈને નિશ્ચય થઈ ગયો કે આ જરૂર ભગવાન છે. આવી ચટકતી ચાલ માણસની ના હોય ! "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.''

શ્રીહરિએ કવિરાજનો પરિચય પૂછ્યો તોય કવિને ભગવાનપણામાં શક ના પડ્યો.

કવિ કહે મારુ ગામ વિરમગામની પાસે આવેલા વણી ગામથી ૨ કિલોમીટર દૂર હેબતપુર જન્મ ભૂમિ છે. ટાપરીયા ચારણ જ્ઞાતિ મારા પિતાનું નામ દાદાભાઈ છે. "ચિતડું રે ચોર્યું રે ચટકતી ચાલમાં રે'' એ કીર્તન ગાયું. ગજા ગઢવીના મોટાભાઈ તાલુકદાર ગરાસનો વહીવટ

કરતા. ધ્રાંગધ્રા રાજ્યનો દશમો ભાગ મળતો અને ધ્રાંગધ્રાના રાજા રણમલસિંહજીના ખર્ચે ગજા ગઢવીને ભૂજની લખપત પાઠશાળામાં પિંગળનો અભ્યાસ કરાવેલ.

ગજા ગઢવી ભર યુવાનીમાં ઘરબાર પરહરી રૂપાળી રાજવટને મુકી સ્વામિનારાયણ ભગવાનના ચરણે માથું મુંડાવી પૂર્ણાનંદ બન્યા.

તેમનો કંઠ સર્વશ્રેષ્ઠ મધુર, પહાડીરાગ, ચિતાર-ગિતાર વાજિંત્રો વગાડી શ્રીહરિને રિઝવતા અષ્ટ કવિઓમાં પ્રથમ હરોળમાં સ્થાન પામ્યા.

શ્રીહરિ પૂર્ણાનંદ સ્વામીની અમાન્યા મર્યાદા ખૂબજ રાખતા અને રખાવતાં. સભામાં આવે ત્યારે બધાજ સંતો હરિભક્તોને ઉભા થવાની આજ્ઞા કરેલી. તે મર્યાદા સંતો-હરિભક્તો સદાય સાચવતા. સંતો-હરિભક્તોની પરીક્ષા શ્રીહરિ કરતા. તેમાં એકવાર પૂર્ણાનંદજીનો વારો આવી ગયો.

એકવાર સભામાં પૂર્ણાનંદ સ્વામીને બેસવાની જગ્યા ન મળતાં આગળ પાછળ થવા લાગ્યા. ત્યારે શ્રીજી મહારાજ કહે ''માનની મૂર્તિ જુવો આગળ બેસવાની જગ્યા શોધે છે.'' બસ વચન થી માનભંગ થતાં ચાલી નીકળ્યા. એકડમલ બન્યા.

પોતાના ઘેર હેબતપુર આવ્યા. પિત્રાઈ ભાઈએ ભાગ આપવાની ના કહી એટલે ન્યાય મેળવવા રાજકોટ આવ્યા. ત્યાં એક ઓરડી રાખીને રહ્યા. નિત્ય બારણું બંધ કરી કીર્તન ગાતા. તાલુકાના દિવાન તે સમયે મહાત્મા ગાંધીના પિતાશ્રી કરમચંદ ગાંધી હતા. તેમણે કીર્તનો સાંભળી. કવિરાજને કહ્યું કે આપ તાલુકદાર સાહેબને કીર્તન સંભળાવો. કવિરાજ કહે હું તો સ્વામિનારાયણને રિઝવવા ગાવું છું. લોકોને નહિ. રૂમની બહાર નિત્ય કરમચંદ ગાંધી કીર્તનો સાંભળતા હતા. તેઓ વૈષ્ણવ હોવાથી બહુજ ખુશ થતા. ''પૂર્ણાનંદ કે વારમવારી હરિવર હસહસ રસ બસ કીની''

દિવાનજીએ જાગીરમાંથી ભાગ પાછા અપાવ્યો તેમના મોટાભાઈને કોઈ સંતાન ન હોવાથી સગાસંબંધીઓના અતિ આગ્રહથી ''અમુબા'' સાથે લગ્ન કર્યા અને તેમને નારાણદાન નામે પુત્ર અને બે પુત્રીયો જન્મી હતી.

ગૃહસ્થાશ્રમમાં આવીને કવિરાજને ખૂબજ પસ્તાવો થયો. આખો દિવસ વિરહનાં કીર્તનો ગાયા કરતા. ત્યારે શ્રીહરિ સામે આવીને ચાકળા પર બેસી ઘરમાં કીર્તન સાંભળતા. સત્સંગ મુકીને જવાથી પાછળ કેવો પસ્તાવો કરવાનો સમય આવે છે તેનો દાખલો આપવા શ્રીહરિએ પૂર્ણાનંદ સ્વામીને નિમિત્ત બનાવી લીલા કરી.

નિશ્ચયમાં જરાય ફેરફાર નહીં. સત્સંગ કરાવે અને મહારાજ વિના કોઈની પાસે ગાવણું ના કરે.

એકવાર નરનારાયણ મંદિર અમદાવાદ પોતાનો પવન ઘોડો લઈને હરિ નવમીના સમૈયે દર્શન કરવા ગયા. સાધુની ધર્મશાળામાં જઈ પાણી પિવાનું માગ્યું તો કોઈએ ધ્યાનમાં ના લીધું. ત્યારે કવિરાજે દોહો લલકાર્યો.

**કહેવાતા પૂર્ણાનંદ બોલતો અમૃતવાણી ।**
**કરતો ઘીના કોગળા પીવા આયો પાણી ॥**

આ સાંભળીને બ્રહ્મચારી વાસુદેવાનંદજી એ પ્રસાદીનું જળ પિવડાવ્યું. એકવાર પૂર્ણાનંદજીને પેટમાં દર્દ થયેલું ત્યારે નિત્ય શેર ઘીના કોગળા આ મંદિરમાં કરતા એ યાદ કરીને દોહો ગાયો.

પૂર્ણાનંદ સ્વામીના ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમના અનેક પ્રસંગો સંપ્રદાયમાં પ્રસિધ્ધ છે. આદરણીય એડવોકેટશ્રી સાગરદાનજી તથા કવિ અક્ષરદાન ટાપરીયા હેબતપુર પૂર્ણાનંદ કાવ્યમાં સ્વામીની રચનાઓ અને જીવનવૃત્તાંત લખ્યું છે તેનો આધાર લઈને જીવન કવન સંક્ષેપમાં લખ્યું છે.

કવિરાજ છેલ્લી અવસ્થામાં વિરોચનનગરની પાસે મોસાળનું ગામ ચંદ્રાસણ રહેતા અક્ષરવાસી પણ ત્યાં થયા. હાલ ત્યાં સ્મૃતિરૂપ હરિ મંદિર બનાવેલ છે. તથા હેબતપુરમાં જન્મ સ્થાન પર નવું હરિ મંદિર બને છે. તેમજ સ્વામી જે ગિતાર વગાડતા હતા તેને ઘરમાં સાચવી રાખ્યું છે. ધન્યવાદ છે તેમના વંશજોને જેમના દ્વારા અલૌકિક અમૂલ્ય પ્રસાદીની વસ્તુના દર્શન થાય છે.

પૂર્ણાનંદ સ્વામીના જીવન કવનના પ્રસંગો ખૂબજ ચમત્કારી છે. ''મારા લોક ભોગને મુક્ત સર્વે દિવ્ય છે.'' કંઈક સંદેશ, કોઈક ઉપદેશ જીવનમાં છુપાયેલો છે. આશ્રમ બદલ્યો પરંતુ પરિશ્રમ ન બદલ્યો.

અનેક રાજા-મહારાજાઓના પ્રલોભન પ્રયુક્તિથી રાજકવિ ચલિત ન થયા અને ગુણલાં તો હરિના જ ગાયા.

હેબતપુર ગામ વિરમગામથી ધ્રાંગધ્રા રોડ પર ૧૮ કિ.મી. ના અંતરે આવેલું છે.

# ॥ નિજ જનના પ્રતિપાળ, સુખકારીજી ! ॥

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

જ્યાં સંતોનાં વસ્ત્રો રંગવા માટેની ગેરૂ માટી મલે છે એ રામપરા ગામમાં બહેચર પટેલ મોટા ખેડૂત હતા. ૧૦૦ વિધા જમીન હતી. શ્રીહરિનાં સન્નિષ્ઠ સત્સંગી હતા. તે હંમેશા દશાંશ-વિશાંશ ધર્માદો નિયમિત કાઢે. બીજા નિયમ પણ ચોક્કસપણે પાળે એમાં જરાય કચાશ નહિ.

એ જમાનામાં ભેલાણ થતા ચોર ડાકૂઓની બીક બહુ રહેતી. ઘઉં બાજરો ઉગ્યો હોય ને રાતો રાત આવીને બધું વાઢી જાય. એકવાર બેચર ભગતે સો વિધા જમીનમાં જુવાર વાવી. જુવારનો લીલોછમ્મ મોલ તૈયાર થયો હતો. એક રાત્રિએ બેચર ભગતનાં ઘેર શ્રીજી મહારાજ પધાર્યા. આવીને કહે : ''ભગત, તમારા જુવાર વાળા ખેતરની રખેવાળી અમે કરીશું.''

''મહારાજ ! તમે તો ભગવાન. તમારાથી રખેવાળીનું કામ કેમ કરાવીએ ?''

''જુઓ ભગત, તમે અમને દશાંશ ભાગ આપો છો કે નહીં ? એટલે અમને આટલું કામ કરવા દો.''

મહારાજ રોજ રાત્રે માણકી ઘોડી ઉપર અસવાર થઈને ખેતરની ચારેય બાજુ આંટા મારે. બાજુમાં એક મુસ્લિમનું ખેતર હતું. તે રાત્રે પોતાના ખેતરની ચોકી કરે ત્યારે મહારાજને બેચર પટેલનાં ખેતરની રખેવાળી કરતાં જુએ.

એક દિવસ એ મુસલમાન ભાઈ બેચર ભગતને કહે ''પટેલ ! તમારા ખેતરની રખેવાળી કરનારા કોણ છે ? કોઈ નવા છે ?'' પટેલ કહે, ''એ અમારા સ્વામિનારાયણ ભગવાન છે.'' ''તમારા ભગવાન તમારા ખેતરની રખેવાળી કરે'' ? ''હા, અમારા ભગવાન અમારી બધાયની રક્ષા કરે છે, અમારી, અમારા માલ-મિલ્કતની, ખેતરની તમામની રક્ષા તેઓ કરે છે.'' ભગત ભરોંસાનો બોલ બોલ્યા.

પછી તો એ મુસલમાન ભાઈ પણ મહારાજને મળ્યા, એમનો ગુણભાવ આવ્યો અને તે પણ સત્સંગી બન્યા.

શ્રીજી મહારાજે એકવાર શિયાળાની ઋતુમાં વડતાલમાં સમૈયો કર્યો હતો. ઘઉં ખેતરોમાં પાકીને તૈયાર થઈ ગયેલા અને વાઢવાની સીઝન હતી. સંતો કહે, ''મહારાજ ! અટાણે સમૈયો રાખ્યો છે, પરંતુ ખેતરોમાં ઘઉં તૈયાર થયા છે એટલે ગામડેથી ખેડૂતો કેવી રીતે આવી શકશે ?'' મહારાજ કહે, ''એટલે જ અમે સમૈયો ગોઠવ્યો છે. જોઈએ તો ખરાં કે કેટલાં ભક્તોને અમારાં દર્શન અને અમારા સમૈયામાં આવવાની આતુરતા છે !''

ગાંફ ગામ આમ તો આખુંય સત્સંગી હતું. બધા ગ્રામજનો ભેગાં થયા. ''વડતાલમાં સમૈયો છે, મહારાજની પત્રિકા પણ આવી છે અને આ બાજુ ઘઉં લણવાની સીઝન છે. કેમનું કરીશું ?'' એક પછી એક બધા ભક્તોએ ઘઉં લણવાની સીઝનને પ્રાથમિકતા આપી અને મહારાજનાં દર્શન તેમજ સમૈયાને ગૌણ ગણ્યો ! સમગ્ર ગામમાંથી માત્ર થોડાક જ ભક્તો ઉભા થયા અને કહે, ''અમે તો જરૂર સમૈયે જાશું-મહારાજનાં દર્શન કરવા. અમારા ખેતર અને ઘઉંનું જે થવું હશે તે થશે!'' બીજા કહે, ''અલ્યા, આ ઊભો મોલ ખરી પડશે તેનું શું ?''

''મહારાજ સૌ સારાં વાના કરશે !'' અદ્‌ભૂત શ્રધ્ધા લઈને એ ભક્તો તો ઉપડી ગયા મહારાજનાં દર્શન માટે.

વડતાલમાં મોટી સભા ભરાઈ છે. મહારાજ તો બધા જ ભક્તોને ઓળખે. એટલે એ ભક્તોને બોલાવીને પૂછ્યું, ''ગાંફથી તમે આટલા જ આવ્યા ? બીજા ભક્તો

ક્યાં છે ?'' ''મહારાજ ! અત્યારે ઘઉંની સીઝન છે તે બધા રોકાઈ ગયા છે, ઘઉં લણવાનાં છે ને ?''

''સારું થયું, અમારે બધાંની ચિંતા ટળી. માત્ર તમારી જ હવે ચિંતા !'' મહારાજ મર્માળુ હસ્યા.

સમૈયો રંગે ચંગે સંપન્ન થયો. તે ભક્તો બરાબર ઉત્સવનો આનંદ પામીને ઘેર આવ્યા. ગામનાં બીજા ભક્તોને મળ્યા.

આ બાજુ બનેલું એવું કે બધાએ ઘઉં વાઢીને ખળામાં તૈયાર કરેલાં એ વખતે બધાય ઘઉં મોટી ખળીમાં બધા લાવે. તે રાતે અગ્નિનો કોઈક રીતે તણખો ઘઉંની ખળીમાં પડ્યો અને જોત જોતામાં બધીજ ખળીઓમાં આગ લાગી અને પળવારમાં બધા જ ઘઉં બળી ગયાં ! માત્ર આ ભક્તોનો ઘઉંનો પાક એવો ને એવો ખેતરમાં લહેરાતો ઉભો હતો ! બીજા ગ્રામ ભક્તો કહે, ''શું કરીએ ? એક રાત્રે અચાનક જ ખળામાં આગ લાગીને અમારો બધોય મોલ બળી ગયો ! તમે બન્ને એ ખેતર વાઢ્યું નહોતું એટલે પાક લીલો ઊભો છે !''

આજ તો છે સર્વોપરી શ્રીજી મહારાજના આશ્રિતોની બલિહારી ! અપાર નિષ્ઠા અને સંપૂર્ણ આશ્રય જો રાખીએ તો મહારાજ આપણા, ધન, માલ, મિલકત બધાની રક્ષા અવશ્ય કરે જ છે.

શ્રીજી મહારાજે ગૃહસ્થોને પોતાનાં વૃત્તિ અને ઉદ્યમ થકી પ્રાપ્ત થયેલાં ધનધાન્યાદિકમાંથી દશાંશ-વીશાંશ ભાગ કાઢીને શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવાની જે આજ્ઞા કરી છે તેનો ગૂઢાર્થ સમજવો જ પડશે. ઉપરોક્ત બે દૃષ્ટાંતો તો છે જ પરંતુ આજે પણ જે નિષ્ઠાવાન ગૃહસ્થ શ્રીહરિની આ આજ્ઞા પાળે છે તેની સર્વ પ્રકારની ચિંતા સ્વયં શ્રીહરિ દૂર કરે છે એમાં કોઈ સંદેહ નથી. બસ, માત્ર ખચકાટ દૂર કરવાનો છે !

**શ્રી સ્વામિનારાયણ માસિકના એડ્રેસ ફેરફાર કે અંક ન મળવા અંગે સંપર્ક**
**મો. : ૯૦૯૯૦ ૯૮૯૬૯**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ઉતારાના કામ અંગે**
**સંપર્ક :**
**ભાવેશભાઈ : ૯૯૧૩૫ ૩૭૦૩૫**
**મોહનભાઈ : ૯૫૫૮૧ ૬૪૫૪૧**

## સમસ્ત સત્સંગ જોગ

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું જે, સાધુ સુખદાયકદાસજી ગુરુ સ.ગુ. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશના નાગરિક સંત હતા. હવે તેઓ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં રહેવા આવ્યા હોવાથી શ્રી નરનારાયણદેવ દેશના નાગરિક થયા છે. જેની સૌ સત્સંગને જાણ થાય.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**shreeswaminarayan9@gmail.com**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

**હર્ષદ કોલોની (બાપુનગર) સ્વામિનારાયણ મંદિર છષ્ટમ પાટોત્સવ પ્રસંગે તા. ૨૨-૫-૨૦૧૬ :** મહારાજે આપણા ઉપર બહુ કરુણા અને દયા કરી છે કે અવાર-નવાર કથા જેવા આયોજનોથી આપણને સત્સંગ પોષણ મળતુ રહે છે. આ વિસ્તારમાં આ મંદિર તો બહુ જ જુનું છે. સમયાંત્તરે આજે હવે સુવિધા વધી છે. મહારાજને રાખીએ એટલે મહારાજ પણ આપણને બધી સુવિધા આપે છે.

મહારાજના ચરિત્રો સાંભળવામાં જ સાચી શાંતિ અને ઠંડક રહેલી છે. અમે ઘણી બધી જગ્યાએ ફરતા હોઈએ છીએ. એક જગ્યાએ અમે હમણાં નજરે જોયું કે આવી ૪૫ં કે ૫૦ં C ગરમીમાં પણ કથા મંડપમાં ૪ થી ૫ શ્રોતાઓ આરામથી સૂઈ ગયા હતા. નહીંતર, આવા તાપમાં આવે ઉંઘ ? કેટલાય લોકો ગાદલામાં પડખા ફેરવતા હશે. પરંતુ વગર પથારીએ તે શ્રોતાજનો સભા મંડપમાં ઉંધી ગયા ! ઘણા હરિભક્તોને પણ એવી ટેવ હોય છે કે ઉઠીને પ્રથમ છાપું હાથમાં લે ! બહુ ખરાબ ટેવ છે. કારણ કે પછી પૂજામાં મન સ્થિર ન થાય. માટે જ મહારાજે કહ્યું કે અમારા આશ્રિત માત્રે સવારમાં ઉઠીને ભગવાનનું ધ્યાન, સ્મરણ કરવું. સ્નાન કરીને માનસી પૂજા તેમજ પ્રત્યક્ષ પૂજા કરવી. જેનાથી મન ભગવાનની મૂર્તિમાં સ્થિર થાય છે. પછી તો જગતની પંચાત કરવાની જ છે !

સ.ગુ. મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. મહારાજને કહે મહારાજ ! ઉદ્વેગ રહે છે કંઈ ઉપાય બતાવો. મહારાજ કહે અમે છપૈયામાં જન્મ લીધો. કાલિદતનો નાશ કર્યો. બાળમિત્રો સાથે સરોવરનાં કાંઠે મોટા વૃક્ષો ઉપર ચડીને આમલી પીપળી વગેરે ખૂબ રમતો રમ્યા.... વગેરે વાત કરીને મહારાજ જતા રહ્યા. બીજા દિવસે સ્વામીએ મહારાજને પૂછ્યું મહારાજ ! આપે ઉદ્વેગનો ઉપાય ન કહ્યો. મહારાજ કહે, અમે છપૈયાથી અયોધ્યા આવ્યા. નિત્ય સરયૂ સ્નાન કરતા. હનુમાનગઢી વગેરે સ્થળોએ દર્શન કરવા જતા. કથા થતી હોય તો સાંભળતા... વગેરે વગેરે કહીને મહારાજ ઉતારે પધારી ગયા. સ્વામી વિચાર કરે છે કે મહારાજ મારા પ્રશ્નનો ઉત્તર નથી કરતા અને વાત ફેરવી નાંખે છે. કાલે છેલ્લી વાર પૂછી લઉ. ત્રીજા દિવસે મહારાજ મળ્યા મહારાજ ! મારા ઉદ્વેગનું તમે નિરાકરણ કર્યું નહીં. મહારાજ કહે, અમે ૧૧ વર્ષની ઉમરે ગૃહત્યાગ કર્યો. સરયુ પાર કરી પુલ્હાશ્રમ પહોંચ્યા. ત્યાં કઠોર તપશ્ચર્યા કરી. પછી

વનવિચરણ કર્યું અને તીર્થો પાવન કર્યા. આટલું કહીને મહારાજ ઉતારે જતા રહ્યા. મુક્તાનંદ સ્વામી સીધા સંતો પાસે ગયા. કહે, મહારાજ મારા પ્રશ્નનો ઉત્તર નથી કરતા અને તેમના ચરિત્રો મને કહે છે. સંતોએ વિગત જાણી, સંતો કહે, સ્વામી ! મહારાજે તમારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર કર્યો છે. મહારાજના ચરિત્રોને સાંભળવા એજ ઉદ્વેગને દૂર કરવાનો, મનની સાચી શાંતિ નો ઉપાય છે. તમે પ્રથમ મહારાજનો મહિમા વિચારો. પછી ચરિત્રો રસપૂર્વક સાંભળવાનું શરૂ કરો. તમારા મનનો ઉદ્વેગ અવશ્ય દૂર થશે. સ્વામી ચરિત્રો સાંભળીને શાંતિ પામ્યા. (આ ઉપદેશ આપણા માટે સમજવો).

**આપણી કુંડળી જે દિવસથી મહારાજ સાથે જોડાઈ છે તે દિવસથી આપણા સૌની ચડતી કળા થઈ છે.** આજે તો કોઈ સાચી કુંડળી જોનારો રહ્યો નથી. કુંડળી જોનારા જ દુઃખી દુઃખી છે. પરંતુ માનો કે કોઈ સાચો જોનારો આપણને મળી ગયો. પછી તેમની પાસે જો આપણે સત્સંગમાં આવ્યા પહેલાનું કઢાવીએ ને તો ખબર પડે કે આપણી કુંડળી નક્ષત્ર ભાગ્ય કેવા હતા ! બે ટંક ખાવાના પણ સાંસા પડે તેવા આપણા સૌના ભાગ્ય હતા. પરંતુ મહારાજની કુંડળી સાથે જ્યારથી આપણી કુંડળી જોડાણી, મહારાજનો આશરો કર્યો ત્યારથી આપણે જોઈએ છીએ કે આજે આપણી પાસે કેટલું છે. કોઈ ગરીબ ઘરની દીકરી પરણીને ધનવાનના ઘેર જાય તો તે પણ આપો આપ ધનવાન બની જાય છે. તેમ આપણી કુંડળી જ્યારથી મહારાજની કુંડળી સાથે જોડાણી ત્યારથી આપણું પ્રારબ્ધ પલ્ટીને મહારાજે આપણને અતિ સુખી કરી દીધા છે. કારણ કે **અન્ન, વસ્ત્રની જવાબદારી મહારાજે આપણા સૌની પોતાના શિરે લીધી છે. અને વળી મહારાજ આપણને સૌને કેવા અનાયાસે સહજ મળી ગયા ! ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી. આપણે ક્યાંય મોટું તપ કરવા ગયા નથી. ચાંદ્રાયણ જેવા વ્રત કર્યા નથી. અરે ! ચાર પાંચ દિવસના ઉપવાસ પણ કર્યા નથી. ૧૫ દિવસે એક એકાદશી આવે, તેમાં પણ હવે કંઈ ઉખેળવા જેવું નથી. ભેળસેળીયાઓએ ફરાળી લોટમાં ભેળસેળ કરીને દાટ વાળી દીધો !**

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ મોટા સાધન કે તપ કર્યા વિના કેવળ એક કૃપાએ કરીને મહારાજ આપણને મળ્યા છે. તો આ મંદિરો પ્રત્યે, સંતો હરિભક્તો તથા શાસ્ત્રો પ્રત્યે પોતાપણાની ભાવના રાખવી. દરેક હરિભક્તો પ્રત્યે હેત રાખવું. ઘણા પાછા બહુ હેત કરીને અમુક સંતો કે હરિભક્તોને મહારાજના સિંહાસનમાં બેસાડી દે છે ! બેઠા પછી ઉતરવાનું ભારે થઈ જાય છે ! માટે આવું ન કરવું. ઘરના સિંહાસનમાં પણ મહારાજની શુદ્ધ ઉપાસના રાખીને વ્યસ્થિત પ્રેમથી સેવા કરવી. કરો છો ને બધા ! આપણા દીકરા-દીકરીઓના સંસ્કાર સૌ પ્રથમ ઘેરથી જ રેડાય છે. ભાવિ પેઢી સુરક્ષિત રહે એટલે બાળકોને સૌએ નાનપણથી સંસ્કાર આપવા.

ધર્મ અને ભક્તિ ભગવાનને પ્રસન્ન કરી વરદાન મેળવી વૃન્દાવનથી છપૈયા જવા નીકળ્યા. રસ્તામાં રાત્રે જંગલમાં ભૂલ્યા પડ્યા. તે સમયે અશ્વત્થામાં મળી ગયો. પૂર્વના વૈરથી લાગ જોઈને શાપ આપ્યો. તમારા ઘેર જે ભગવાન અવતાર ધારણ કરશે તે હાથમાં હથિયાર ધારણ નહી કરે. ધર્મ અને ભક્તિ આ વાત સાંભળીને ચિંતામાં મુકાઈ ગયા. આ નવી ઉપાધિ આવી. પૂર્વે જે અવતારો થયા તેઓએ હાથમાં હથિયાર ધારણ કરીને અસુરોને હણ્યા છે. અને આપણા પુત્ર હથિયાર વિના અસુરોને હણશે કઈ રીતે ? પરંતુ મહારાજને અહીં એક નવી જ શરૂઆત કરવી હતી. અસુરના શરીરને હણીને શું ફાયદો ? તેની અંદર રહેલી આસુરી વૃત્તિને જ હણી નાખીએ. આપણો ક્યાં કોઈ દુશ્મન છે જ ! હકીકતમાં કોઈ કોઈને નડતું હોતું જ નથી. છેલ્લે તો આપણને આપણા અંતઃશત્રુઓ અને સ્વભાવ જ નડે છે. કોઈના પ્રત્યે ઈર્ષ્યા કોઈના પ્રત્યે દ્વેષ આ બધું આપણને વધારે નડે છે.

મહારાજે કહ્યું કે હરિભક્તોએ અરસ પરસ પ્રેમ રાખવો. પરંતુ થાય છે શું કે આપણા મગજમાં એક ચોક્કસ માળખું ફીટ થયેલું હોય છે. સાત આઠ ક્રાઈટેરીયા મગજમાં ફીટ કરી રાખ્યા હોય તેમાં અન્ય હરિભક્ત ફીટ થાય તો આ ભગત બહું સારા છે હો ! અને જો ફીટ કરેલા માળખાની બહાર કોઈની વર્તણુંક જોવામાં આવે તો જવા દો ને તેમાં કાંઈ લેવાનું નથી ! હરિભક્ત છે

પરંતુ આમ છે ને તેમ છે ! આવું જ્યારે આપણને વર્તતુ હોય ત્યારે સત્સંગમાં સુખ ન આવે. આપણને હકીકતમાં સાચો ખ્યાલ જ નથી હોતો કે કોણ ભગત ઈન્ટરનલ મહારાજનું કેટલું સ્મરણ કરે છે ! એટલે આપણે આપણી બુદ્ધિની ફુટપટીનો ક્યારેય ઉપયોગ કરવો નહીં.

મંદિરે જઈએ મહારાજ સામે બેસીએ એટલે સારા વિચારો આવે. ચાલો, કાલે હું એક માળા વધારે કરીશ, કારણ કે આપણે કોઈ ધાતુ પાષાણની મૂર્તિ સામે નથી બેઠા. પ્રત્યક્ષ ભગવાન સામે બેઠા છીએ. **જગતમાં બિચારા ઘણા એવા લોકો છે કે જેને ભગવાન ઓળખવા છે પરંતુ ઓળખાવે કોણ ? કોઈ સારા સાધુ કે સત્સંગી મળી જાય તો કામ થાય !**

**બુધ્ધિ, મન, ચિત્ત અને અહંકાર આ ચારે ભગવાન ભજવામાં ક્યારેય સહયોગી થતા નથી. આ મહારાજના શબ્દો છે.** બાકી ઈન્દ્રિયોને અંતઃકરણ તેમાં ઈન્દ્રિયોને જીતીએ તો વાંધો ન આવે. નહીં તો આપણે જોઈએ છીએ કે આંખથી ભગવાનનું દર્શન કરતા હોઈએ અને બાજુમાં સહેજ કંઈક વિક્ષેપ જેવું જણાય તો આંખ ભગવાનની મૂર્તિને મૂકીને સીધી ત્યાં જતી રહે, તાલાવેલી જાગે, શું થયું ? કાનથી ભગવાનના ચરિત્રો-કથા સાંભળતા હોઈએ અને કોઈ આવીને કહે, તમને બોલાવે છે. ચાલો આવું છું કહીને ઉભા ! એટલે આ બધાથી પર થઈને ભગવાન ભજવા બેસીએ તો જ કામ થાય તેવું છે. **જેનું જે અંગ હોય તે અંગ ઓળખીને તે અંગથી ભગવાનને રાજી કરી લેવા. કોઈને કીર્તનો બોલવામાં રૂચિ ન હોય તો ભગવાનના ફુલના હાર પરોવવાની સેવામાં ચિત્ત લગાવવું. ઘણા હરિભક્તો રસોડામાં સેવા કરીને હરિભક્તોને જમાડવાની સેવા કરતા જોવા મળે છે. એટલે પોતાનું અંગ પોતે શોધી લેવું. મને શેમાં આનંદ આવે છે ? એ અંગથી સેવા ભક્તિ કરીને ભગવાનને રાજી કરી લેવા.**

બાકી જગતમાં અમે જોતા હોઈએ છીએ કે લોકોમાં દુઃખનો કોઈ પાર નથી ! મહારાજ ઓળખ્યા ન હોય તેવા ઘણા આવીને કહે છે કે, ગ્રહો નડે છે. આ નડે છે ને તે નડે છે, જીવનમાં ક્યાંય જ મેળ પડતો નથી. આ દુઃખ છે ને તે દુઃખ છે. **એક ભાઈ તો આવીને કહે, ગુરુ નડે છે, ગુરુ નડે કોઈને ! હા, ગુરુ નડે, ખોટા ગુરુ મળી જાય અને ક્યાંક અવળી જગ્યાએ શ્રધ્ધા ચોંટાદી દે તો પછી કાયમ નડ્યા જ કરે !** લોકોને શું, ભગવાન ઓળખાય નહી એટલે એક જગ્યાએ ચોખા ચોંટાડે, સુખ ન થાય એટલે ચાલો બીજી જગ્યાએ ચોટાડો, પાછો ત્રીજો કોઈ ભોમિયો મળી જાય, કહે, હું કહું તેમ કરો તો સુખી થઈ જશો. વળી કોઈ ત્રીજી જગ્યાએ જોડાણ કરે !

મહારાજે વચનામૃતમાં કીધુ કે બધું મનગમતું મૂકીને એક મારું શરણ ગ્રહણ કર. વળી મહારાજના વચનો એ મહારાજનું સ્વરૂપ છે. જેટલા વચનોમાં વર્તીશું એટલા સુખી થઈશું. માટે એક નરનારાયણદેવને શરણે રહી, મહારાજના વચનોમાં રહી, બહુ વધારે નહી, પરંતુ જેટલું થઈ શકે તેટલું મહારાજનું ભજન કરી રાજી કરી લઈએ. નરનારાયણદેવ આગળ જે શુભ સંકલ્પ કરશો એ નરનારાયણદેવ સિધ્ધ કરશે. આ મહારાજના શબ્દો છે. મારા નથી. આમ ખૂબ ઉપદેશાત્મક વાતો કરીને બાપુનગર સત્સંગ ઉપર ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

ગયા અંકમાં વાત કરી તે મુજબ આપણા મ્યુઝિયમમાં કોઈ પણ જાતના પ્રચાર વગર દર્શનાર્થીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. અને લોકો આઠ નંબરના હોલમાં સ્થાપિત શ્રીનરનારાયણદેવના અભિષેકનો મહિમા સમજી અભિષેક પણ ખૂબ કરાવે છે. આ જૂન મહિનામાં લગભગ ૧૨ જેટલા અભિષેક થયા. ઘણીવાર તો દિવસના ત્રણ અભિષેક થાય છે.ધીમે ધીમે ચોમાસું જામે છે  ત્યારે આપણા મ્યુઝિયમમાં પણ મોસમ ખીલી હોય તેમ મ્યુઝિયમનું વાતાવરણ આલ્હાદાયક અને અલૌકિક લાગે છે. આકાશમાં જ્યારે કાળા ડિબાંગ વાદળો ઘેરાય છે ત્યારે આપણું મ્યુઝિયમ અતિ સુંદર લાગે છે. આથી જ દર્શનાર્થીઓની આતુરતા દિન - પ્રતિદિન વધતી જાય છે. કેટલાક હરિભક્તો રવિવારે પોતાના નિવાસ સ્થાનથી ચાલતા મ્યુઝિયમે દર્શન માટે આવે છે. રવિવારે સાંજે ૪:૦૦ કલાકે  ૧૨ નંબરના હોલમાં પ.પૂ.શા.સ્વામી નિર્ગુણદાસજી દ્વારા વચનામૃત કથાનું રસપાન કરાવાય છે. તેમાં પણ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહી લાભ લે છે.

આપણા મ્યુઝિયમની કેન્ટીનમાં બનતી રસોઈએ આપણા સત્સંગીઓ સિવાય આસપાસના લોકોને એટલું ઘેલું લગાડ્યું છે કે આસપાસમાં થી ટીફીન લેવા આવતા લોકો દર્શનનો પણ લાભ લે છે. વળી હાલમાં જ હરિભક્તો માટે બેકરી ની આઈટમ પણ મ્યુઝિયમમાં શરૂ કરવામાં આવી છે. ઘઉંના લોટની બ્રેડ, ખારી બિસ્કીટ, નાનખટાઈ, ભાજીપાંઉના બ્રેડ, ક્રીમ રોલ ની સાથે ઈડલી સંભાર, ખમણ ગોટા જેવી નાસ્તાની આઈટમ તથા સાંજે ખીચડી-કઢીનો પ્રસાદ બને છે. વળી અગિયારસ કે અન્ય ઉપવાસ માટે ફરાળી બ્રેડ અને ભાજીપાંઉની પણ વ્યવસ્થા કરાઈ છે.આ બધી વસ્તુ અન્ય જગ્યાએ પણ મળતી હશે પણ મ્યુઝિયમમાં તે પ્રસાદ રૂપે માત્ર ટોકન ફી લઈને અપાય છે અને શુધ્ધ ને સાત્વિક હોય છે. તેથી હરિભક્તો માટે તો આશીર્વાદ રૂપ સાબિત થયું જ છે.

આમ આપણું મ્યુઝિયમ હવે કુદરતી સૌંદર્ય અને શુધ્ધ સાત્વિક પ્રસાદનો સમન્વય ધરાવતું પ્રિય દર્શનીય પર્યટક સ્થળ બની રહ્યું છે.

- પ્રફુલ ખરસાણી

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જૂન - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૨૧,૦૦૦/- | અ.નિ. શ્રી મણીલાલ લક્ષ્મીલાલ ભાલજા સાહેબ મંડળ પ્રેરક નંદલાલભાઈ કોઠારી હ. જગત કિરીટભાઈ વાઘેલા - અમદાવાદ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે |
| રૂા. ૧૧,૧૧૧/- | ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ હ. રાજેશભાઈ એ. પટેલ સંકલ્પ નિમિત્તે - રાણીપ |
| રૂા. ૧૦,૦૦૦/- | પટેલ વિજય અરવિંદભાઈ ન્યુ પટેલ સાયકલ સ્ટોર્સ દહેગામ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કરશનભાઈ પટેલ - ધરમપુર |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી નરેન્દ્રભાઈ આશારામભાઈ ઠક્કર (સેડલાવાળા) પિતાશ્રી આશારામભાઈના સોળધામ નિમિત્તે - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | રમણભાઈ કુરજીભાઈ ચોડવડીયા - હીરાવાડી-બાપુનગર સંકલ્પ પુરો તે નિમિત્તે |
| રૂા. ૫,૧૦૦/- | હરિકૃષ્ણ એન્ટર પ્રાઈઝ હ. બચુભાઈ ટેક્ષીવાળા - દરિયાપુર |
| રૂા. ૫,૦૫૧/- | ડૉ. નિકુંજ જી. આરીવાલા અર્થના જન્મ નિમિત્તે - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. ભગવતભાઈ એફ. શાહ પૂ.શા.સ્વા. હરિકેશવદાસજીની પ્રેરણાથી, ગાંધીનગર. |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | લવજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી - ઠક્કરનગર |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જૂન - ૨૦૧૬

| | |
|---|---|
| તા.૦૨/૦૬/૨૦૧૬ | ધીરજભાઈ પ્રવિણભાઈ હાલાઈ - કેન્યા |
| તા.૧૧/૦૬/૨૦૧૬ | ડાયમંડ સ્કેપ કેર - અંકલેશ્વર હ. અમૃતભાઈ હિરાભાઈ પટેલ (લાલોડાવાળા) |
| તા.૧૨/૦૬/૨૦૧૬ | અભય ગોવિંદભાઈ હિરાભાઈ (પીઠવડીવાળા) થલતેજ |
| તા.૧૭/૦૬/૨૦૧૬ | મહેશભાઈ લક્ષ્મણભાઈ સોનાણી - બાપુનગર |
| તા.૧૮/૦૬/૨૦૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર - હ્યુસ્ટન, યુ.એસ.એ. |
| તા.૧૯/૦૬/૨૦૧૬ | (સવારે)સુજીત કુમાર સુરેશભાઈ પટેલ - રાણીપ |
| તા.૧૯/૦૬/૨૦૧૬ | (બપોરે)શારદાબેન કુબેરભાઈ પુંજલદાસ પટેલ |
| તા.૧૯/૦૬/૨૦૧૬ | (સાંજે) કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર -કાળુપુર હ. પ્રશાંતભાઈ તથા ભરતભાઈ (પૌત્ર જયકીશનના ધો. ૧૨ સાયન્સમાં ૯૭% નિમિત્તે) |
| તા.૨૫/૦૬/૨૦૧૬ | (સવારે) માધવ યોગેન્દ્રભાઈ ભટ્ટ - વડોદરા |
| તા.૨૫/૦૬/૨૦૧૬ | (બપોરે) હરિકૃષ્ણભાઈ જી. પટેલ (ડી.આઈ.જી.) હ. પાર્થ તથા બંસરી - યુ.એસ.એ. |
| તા.૨૬/૦૬/૨૦૧૬ | નિષ્મા વિરજી હાલારીયા ● નિકીતા વિરજી હાલારીયા કેરા-લંડન |
| તા.૨૯/૦૬/૨૦૧૬ | અ.નિ. રસિકભાઈ અંબાલાલ પટેલ (મોખાસણવાળા) હ.કાંતાબેન તથા જયેશભાઈ તથા સંજયભાઈ (બોસ્ટન) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**




# ॥ બાળ વિભાગ ॥

- પ્રફુલ ખરસાણી

શ્રીજી મહારાજના ચરણોમાં સોળ ચિન્હો હતા તે ચિન્હોના નામ ઉપર આપેલા ચોકઠામાંથી શોધી તેને તમને ગમતા કલરની સ્કેચપેનથી કુંડાળું કરી અને નીચે આપેલા ચરણારવિંદમાં તે ચિન્હો શોધી કાઢો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખા | ઘી | ગો | જો | સ | ન | જ | ગી | વ્યો | મ |
| લા | કા | પ | સ્વ | લા | ગા | વ | ચં | ણિ | વે |
| જો | મા | દ | દા | સ્તિ | કા | ભ | ર્મ | ઉ | લા |
| દે | બ | ત્રિ | કો | ણ | ક | ર | સિ | ર્ધ્વ | અ |
| જાં | બુ | રા | સ | ચ | ર | ર્મ | ડો | રે | ર્ધ |
| વ | ર્મ | ઝી | અ | ષ્ટ | કો | ણ | ચં | ખા | ચં |
| ક | જ | અં | ર | ભા | વે | ક | ઝી | લિ | દ્ર |
| મ | ળ | કુ | ચં | શં | ડુ | મ | ઘ | દ | ણા |
| ગ | ળ | શ | વ | મી | ક્તિ | બ | પ્ર | નુ | ભા |
| ઘ | નુ | ષ | વે | ન | ટ | મ | ધ્વ | જ | ષ |



– કળશ
– વ્યોમ
– અર્ધચંદ્ર
– ગોપદ
– અષ્ટકોણ
– ધ્વજ
– મીન
– ત્રિકોણ
– ધનુષ
– અંકુશ
– જવ
– ઉર્ધ્વરેખા
– વજ
– સ્વસ્તિક
– જાંબુ
– કમળ

**બાળકોની રંગપૂરણી હરિભાઈના શ્રેષ્ઠ વિજેતાઓ**

(૧) પટેલ ખુશી ઘનશ્યામભાઈ નરોતમભાઈ (મોટપ)
(૨) પટેલ મેઘ ઘનશ્યામભાઈ (મોટપ)
(૩) પટેલ નેન્સી મુકેશભાઈ (બાવળા)

પોત્સાહન ઈનામના વિજેતા

(૧) ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલેન્દ્રસિંહ (નવા નરોડા)
(૨) પટેલ ઋતુ હિમાંશુભાઈ (સોલા-અમદાવાદ)
(૩) પટેલ કાવ્યા નિમેષકુમાર (શાહીબાગ-અમદાવાદ)

વિજેતાઓને અષાઢ સુદ ગુરુપૂર્ણિમા તા. ૧૯-૭-૨૦૧૬ મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સવારે ૮ થી ૧૧ દરમ્યાન સભા મંડપમાં બાળકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અને બહેનોને હવેલીમાં પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે પુરસ્કાર આપવામાં આવશે.

ખાસ નોંધ : પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી હવે દર માસે બાળકો માટે વિવિધ વિષયો પર આ એક પેજ મૂકવામાં આવશે.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કળા એજ ભક્તિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આપણું જ્ઞાન, કળા, વિદ્યા વગેરે શા માટે ? જગતને રાજી કરવા, કોઈ વાહ વાહ મેળવવા કે પછી પરમાત્માને રાજી કરવા માટે ? બહુજ વિચારજો. તપ કરીએ, ઉપવાસ કરી એ પણ ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટે છે. આપણે જે ધર્મનું પાલન કરીએ છીએ એનું ધ્યેય પણ ઈશ્વરને રાજી કરવા માટે હોવું જોઈએ. સ્વયં સાક્ષાત્ પરમાત્મા મનુષ્યના ઉપદેશ માટે મનુષ્યના કલ્યાણ માટે યજ્ઞઆદિક સત્કર્મ કરાવે છે. આપણને સમજાવવા, શીખવાડવા કે જે કાંઈ સત્કર્મ કરો એ ભગવાને પ્રસન્ન કરવા માટે કરો તો જ એ કાર્ય સફળ થાય છે નહી તો નિષ્ફળ.

બહુ સુંદર કથા છે. નારદજીને એકવાર ગર્વ આવ્યો. એ મહાત્મા પુરૂષ હતા. મહાત્મા પુરૂષને ગર્વ શોભે નહી. નારદજીને પોતાને આવડતી સંગીત કળાનો ગર્વ આવ્યો. મને વીણા વગાડતાં આવડે છે. એવી જગતમાં કોઈને ન ફાવે. મારા જેવું વીણાવાદન કોઈ કરી શકતું નથી. પરમાત્માને વિચાર થાય છે કે નારદજી અમારાં છે. સાચા મહાત્મા છે પણ એમનામાં આ ગર્વ આવ્યો છે એ શોભે નહી, એ કાઢવો પડશે.

એકવાર પરમાત્માની પાસે દ્વારિકામાં વિશાળ સભા થઈ. એ સભામાં સંગીતકારો બહુ બેઠેલા. સંગીતના પ્રકાર બહુ હોય છે. તમામ પ્રકારો અને ભેદને જાણનાર મોટા મોટા સંગીતકારો આ સભામાં આવ્યા છે. આ સંગીતકારો બેઠા છે અને નારદજીને સંકલ્પ થયો. આ બધાની આગળ એવો પ્રભાવ પાડુ. એવો પ્રભાવ પાડું કે ધરતી ઉપર મારી વાહ વાહ થઈ જાય કે વીણા વગાડવામાં નારદને કોઈ ન પહોંચે. ઠાકોરજીના સોનાના સિંહાસનની બાજુમાં એક વાનરરાજ બેઠેલા. બધાને એમ લાગ્યું કે સંગીતકારોની સભામાં આ વાંદરાને શા માટે સ્થાન મળ્યું હશે ? અને એ પણ સિંહાસનની બાજુમાં ! કેટલાંય માણસો વિચાર કરવા લાગ્યા.

નારદજીએ વીણાવાદન શરૂ કર્યું. જુદા જુદા પ્રકારો, આરોહ, અવરોહ, મુરછા, તાલ, લય એ ધાતુના તાર ઉપર એવા પ્રત્યક્ષ કરી બતાવ્યા, સભા ડોલવા લાગી. મોટા મોટા સંગીતકારો પણ માથું ડોલાવવા માંડ્યા કે વાહ ! નારદજી વાહ ! શું તમારી કળા છે, વાહ... પણ ઠાકોરજી ઉદાસ બેઠેલા. ભગવાનના મોઢા ઉપર હાસ્યની લકીર પણ દેખાઈ નહીં. નારદજી મુંઝાયા. આવું સુંદર સંગીત વગાડું છું. કાળો નાગ પણ ડોલી ઉઠે પણ આ નારાયણ કેમ ડોલતા નથી ! જેટલું આવડતું હતું એટલું બધું વગાડ્યું. પણ નારાયણના મોઢાં ઉપર કોઈ ફેર પડ્યો નહીં. ઉદાસીનતા જ રહી. અને નારદજીએ જ્યાં વિરામ કર્યો એટલે નારાયણે પોતાની બાજુમાં બેઠેલા વાનરરાજને પૂછ્યું. કપિરાજ ! આ સંગીત કેવું લાગ્યું ? ત્યારે નારદજીને લાગ્યું કે આ તો મારી મશ્કરી થાય છે. મારા સંગીતનો અભિપ્રાય એક વાંદરાને પૂછવાનો !! આવા વિદ્વાનો બેઠા છે, સંગીતના નિષ્ણાંતો બેઠા છે એમને ન પૂછતાં પ્રભુએ એક વાંદરાને પૂછ્યું કે આ સંગીત કેવું લાગ્યું ? એ વાંદરો શું અભિપ્રાય આપે ! ખરેખર આ મારી મશ્કરી છે. પ્રભુએ મારો ઉપહાસ કર્યો છે. અને નારદજીથી રહેવાયું નહી. અને એ બોલકા ખરા એટલે બોલ્યા. પ્રભુ ! આ બાજુ સભામાં પૂછો. જ્યારે બીજાને પૂછવાનું મન થાય ત્યારે જાણી લેવું કે તમે માણસને રાજી કરવા માટે કળા વ્યક્ત કરી છે, ઈશ્વરને રાજી કરવા માટે નહીં.

અને ભગવાન નારદજીને કહે છે - ''નારદ ! તમારી વીણા આ કપિરાજને આપો ને !'' અરેરે... ભગવાન ! આ તો વાનર, મારી મહામૂલી વીણા ભાંગી નાંખશે.

એમાં ક્ષતિ પહોંચાડશે. એકાદ તાર તોડી નાંખશે. એ તો ચંચળ છે. ભગવાન કહે છે મારી જવાબદારી જો આ કપિરાજ વીણા તોડી નાંખે તો હું નવી સોનાની બનાવરાવી દઈશ. અને નારદજીએ કચવાતા મને વીણા વાનરરાજને આપી. વાનરરાજે વીણા ઉપર સંગીત શરૂ કર્યું. પ્રભુ નામની ધૂન શરૂ કરી. ધીરે ધીરે સભામાં બેઠેલા સર્વજનો શરીરનું ભાન ભૂલી ગયાં, તન્મય થઈ ગયાં. ધૂનના પ્રવાહમાં જાણે ખેંચાઈ ગયા. એટલું જ નહીં એ વાનરરાજ પોતે પણ જાણે ખોવાઈ ગયા. ભગવાને ચપટી વગાડી એટલે ધૂન સમાપ્ત થઈ. અને પ્રભુએ બધાને પૂછ્યું, અમારા કપિરાજનું સંગીત કેવું લાગ્યું ? અને આખી સભા બોલી ઉઠી. ભગવાન ! આ ધરતી ઉપર આવું સંગીત મળે નહીં, એવું સંગીત લાગ્યું એનું વર્ણન શક્ય નથી.

પ્રભુએ કહ્યું - નારદ ! તમારી વીણા લઈ લો. નારદજીએ પણ વખાણ કર્યા. વાહ ! કપિરાજ, હું એમ માનતો હતો કે હું જ સારામાં સારો સંગીતકાર છું પણ તમે મારાથીય બે ચાસણી ચઢી જાવ એવા છો. નારદજીએ જ્યાં વીણા ઉપાડી તો ઉપડી નહી. એ જમીન ઉપર મુકેલી વીણા ચોટી ગયેલી. અધ્ધર થાય નહીં. પ્રભુ આ શું થયું ? નારદ આ કપિરાજના સંગીતના પ્રભાવથી પથ્થરો પીગળી ગયા છે. પીગળેલા પથ્થરમાં વીણા ચોટીં ગઈ છે. હવે પાછો પથ્થર પોચો થાય તો વીણા છૂટી થાય. એવું સંગીત વગાડો કે આ પથ્થર પીગળે. નારદજી કહે છે, એ તો મને નથી આવડતું. પ્રભુ કહે, કપિરાજ ! તમે શરૂ કરો. અને ફરીથી ધૂન શરૂ કરી ત્યાંજ વીણા પથ્થરમાંથી છૂટી થઈ ગઈ.

ભગવાન કહે છે - નારદ ! અમને રાજી કરવા માટે જો ધૂન કરવામાં આવે, સંગીત વગાડવામાં આવે તો પથ્થર પણ પીગળે છે. પણ જગતને રાજી કરવા જે જે કાંઈ થાય એ અમારા સુધી પહોંચતું નથી.

નારદજીને ખબર પડી કે આ સંગીત વગાડનાર કોઈ સામાન્ય વાનર નથી. સાક્ષાત્ હનુમાનજી છે. એણે રામને રાજી કરવાં જ ધૂન કરી હતી. ધૂન કરીએ, કીર્તન બોલીએ, ભજન કરીએ, કથા સાંભળીએ કે કથા વાંચીએ જે કાંઈ કરીએ. ભગવાન પરત્વે જ હોવું જોઈએ. આપણી તમામ ક્રિયા ઈશ્વરને રાજી કરવા માટેની હોવી જોઈએ, તો ભગવાન એ ક્રિયા સ્વીકારે છે. તેથી કળા એજ ભક્તિ બની જાય છે.

આ વાત સ્વામિનારાયણ ભગવાન સ્વયં વચનામૃતમાં સમજાવતાં કહે છે કે,

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''સાંભળો એક વાત કરીએ.'' ત્યારે સર્વે પરમહંસ ગાવું રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું ને ન ગાયા જેવું છે અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાંક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે. પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામ રટણ કરવું, તથા નારાયણ ધૂન કરવી ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.'' (વચનામૃત પ્ર.પ્ર. ૨૨)

●

## વિમુખ થકી રહીએ વેગળા

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

બહુ જન્મનાં પુણ્ય એકઠાં થાય ત્યારે સત્સંગની પ્રાપ્તિ થાય છે. પ્રગટ ઈષ્ટદેવની ભક્તિ કરવાની તક પ્રાપ્ત થાય છે.

**''પૂર્વના પુણ્ય પ્રગટ થયાં જ્યારે**
**સ્વામિનારાયણ મળીયા રે ત્યારે....''**

આવા પૂર્વના પુણ્યના પ્રતાપે પ્રગટ ઈષ્ટદેવ તથા સંતો અને સત્સંગની પ્રાપ્તિ તો થઈ પણ તે જાળવવા માટે સતત જાગતા રહેવાની જરૂર હોય છે. એમાં જો બેદરકાર રહેવાય તો બહુ મોટું નુકશાન થતું હોય છે. ઘણાં જન્મોના પુણ્યે પ્રાપ્ત થયેલા સત્સંગમાંથી પણ ક્યારે પડી જવાય તેની ખબર રહે નહી. ભક્તચિંતામણીના પરચા પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ દિનાનાથ ભટ્ટની વાત આલેખી છે.

દિનાનાથ ભટ્ટ ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ભકત હતા. સંસ્કૃતના શ્લોકો દ્વારા સ્વામિનારાયણ ભગવાનના સ્તુતિ સ્તોત્રોની રચનાઓ પણ કરેલી, એવા આ દિનાનાથ ભટ્ટ આમોદના વતની હતા. ભગવાન પ્રત્યે આટલો બધો ભક્તિભાવ અને

નિષ્ઠાવાળા ભટ્ટજી પણ નાની સરખી ભૂલના કારણે સત્સંગમાંથી પાછા પડી ગયેલા.

વાત એમ બની કે સ્વામિનારાયણ ભગવાન પાસે એક નિર્વિકલ્પાનંદ સ્વામી હતા જેમને સત્સંગનો અભાવ આવી ગયો અને તે વિમુખ થઈ ગયા. આ વાત વાંચી કોઈ નિર્વિકલ્પાનંદજીનો અભાવ ન લેતા. કારણ કે જેને સાક્ષાત્ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનું સાનિધ્ય મળ્યું એમનાં ભાગ્ય ઓછાં ન હોય. પરંતુ નિર્વિકલ્પાનંદજીએ આપણને ઉદાહરણ પુરુ પાડવા માટે આવું કર્યું છે કે ચેતતા રહેજો - વિમુખ થઈ ગયા પછી એમણે તો એમના જે જે શિષ્યો હતા તેમને ત્યાં જઈને એ બધાને સત્સંગ છોડાવવાનું કામ શરૂ કરી દીધું. ઘણા કાચા પોચા ભક્તો હતા તે એમની વાતમાં આવી જતા અને તેમની નિષ્ઠાનો ભંગ થઈ જતો. એ નિર્વિકલ્પાનંદ એકવાર દિનાનાથ ભટ્ટને ઘેર આવી ચઢ્યા. નિષ્કુળાનંદ સ્વામીના જ શબ્દોમાં કહીએ તો -

**''એવા સમામાં આવ્યો, વિમુખ અતિ મતિમંદ,**
**અભાગ જોગે આવી મળ્યો, જે નિર્વિકલ્પાનંદ.**
**એણે ભટ્ ભરમાવીયો, આવીયો તેણે અભાવ,**
**પુરણ સંશય પાડીયો, એ વિમુખે ભજવ્યો ભાવ.''**

દિનાનાથ ભટ્ટના એવા અભાગ કે વિમુખ એવા નિર્વિકલ્પાનંદ દિનાનાથ ભટ્ટ ને ઘરે આવી ચઢ્યા. હવે ધ્યાનથી વાંચજો કે ભૂલ ક્યાં થાય છે. ભટ્ટજીએ તો તેની આગતા-સ્વાગતા કરી અને નિર્વિકલ્પાનંદે તેમની પધ્ધતિ અખત્યાર કરી દીધી. મહારાજ વિશે અભાવ ઉપજે તેવી વાતો કરવાની ચાલુ કરી. અને ભટ્ટજી એ બધી વાતો સાંભળવા માંડ્યા. વિમુખના મોઢેથી આવતા શબ્દોએ ભટ્ટજીના નિશ્ચયવાળા મન ઉપર એવી અસર કરવા માંડી કે જે મહારાજનો પૂર્ણપણે નિશ્ચય હતો તે મહારાજ પ્રત્યેની તેમની નિષ્ઠા ડગમગી ગઈ. વિમુખે તો એનો ભાવ ભજવીને ચાલતી પકડી લીધી.

વિચાર આવે છે ? આમાં ભટ્ટજીની ભૂલ ક્યાં થઈ ? એ વાત માની શકાય કે ખબર ના હોય કે આ સંત તો વિમુખ થઈ ગયા છે અને સંત આવે તેની આગતા-સ્વાગતા કરે. પણ ભૂલ એ વાતે થઈ કે જ્યારે, નિર્વિકલ્પાનંદે મહારાજ વિશે ગમે તેવી નિશ્ચય ડગમગાવી દે તેવી વાતો ચાલુ કરી છતાં તેમને અટકાવ્યા નહી. અને તેમને ઘરમાંથી કાઢી ન મૂક્યા. આ આટલી નાની ભૂલનું પરિણામ એ આવ્યું કે ઘણા જન્મોના પુણ્યે જે સત્સંગની પ્રાપ્તિ થઈ હતી તે સત્સંગમાંથી તે પાછા પડી ગયા. મહારાજનાં દર્શને જતાં પણ બંધ થઈ ગયા.

વ્હાલા મિત્રો ! પછી સમયાંતરે ભટ્ટજી તો પાછા સત્સંગમાં આવી ગયા. પણ આપણે જો સાવધાન ન રહીએ તો આપણી શું દશા થાય ? પ્રેમાનંદ સ્વામીએ આપણાથી આ ભૂલ ન થાય તે માટે દરરોજ સાયં પ્રાર્થનામાં ગવાતા અગિયાર નિયમના પદ ''નિર્વિકલ્પ ઉત્તમ અતિ....'' માં આ વાતને પણ વણી લીધી છે કે - ''વિમુખ જીવ કે વદન સે કથા સુણી નહી જાત'' ક્યારે પણ કોઈ સત્સંગનું, ઈષ્ટદેવનું, શાસ્ત્રનું ઘસાતું બોલ તો તે સાંભળી લેવું નહી. વિમુખના મોઢાની વાત એ કાનનું ઝેર છે. અને તે ઝેર એવું કાતિલ છે કે જીવનો નાશ કરી નાંખે છે.

માટે સાવધાની રાખીને કાનના ઝેરથી બચીને કોટી જન્મના પુણ્યના ફળ સ્વરૂપ આ સત્સંગને જાળવવો. ભગવાનને દરરોજ એ જ પ્રાર્થના કરવી કે હે મહારાજ ! ક્યારે પણ વિમુખનો સંગ દેતા નહી.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)
એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)
**"પરમાત્માનો શાશ્વત પ્રેમ જોઈતો હોય તો નાશવંત વસ્તુ છોડવી પડે છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પરમાત્મા પ્રાપ્તિના ત્રણ રસ્તા બતાવ્યા છે. 'જ્ઞાનયોગ', 'ભક્તિયોગ', 'કર્મયોગ' તો જ્ઞાનમાર્ગ કોના માટે છે ? તો આ સંસારમાંથી જે વ્યક્તિને પૂર્ણ રીતે 'વૈરાગ્ય' આવી ગયો છે તેના માટે જ્ઞાનમાર્ગ છે. અને ભક્તિ માર્ગ કોના માટે છે ? તો જે વ્યક્તિ સંસારમા ન તો 'આસક્ત' છે અને ન તો સંપૂર્ણ રીતે 'અનાસક્ત' છે. તેના માટે ભક્તિમાર્ગ છે. અને 'કર્મયોગ' બધા માટે છે. કેમ કે ? કર્મ કર્યા વગર કોઈ પણ વ્યક્તિ એક ક્ષણ પણ રહી શકતી નથી. તો કર્મ કેવું કરવું ? તો પ્રથમ તો 'સત્કર્મ' કરતા શીખવું. પછીથી સત્કર્મને ધીમે ધીમે નિષ્કામ કર્મમાં બદલતા રહેવાનું હોય છે. નિષ્કામ કર્મ કોઈ પણ જાતની 'લાલચ' વગરનું હોવું જોઈએ. દા.ત. સમાજમાં મારૂ સારુ દેખાશે કે મેં આ કર્યું તેવો જે ભાવ હોય છે. તે પણ ન હોવો જોઈએ. એક મૂર્તિકાર હતા. એવી સરસ મૂર્તિ બનાવતા હતા કે એ મૂર્તિ જીવંત જ લાગે. સમય જતાં તેનું મૃત્યુ નજીક આવ્યું તેથી પોતાના જેવી જ દસ-બાર મૂર્તિઓ બનાવી દીધી અને અંત સમયે તે મૂર્તિઓની વચ્ચે બેસી ગયા. જેથી ખબર ન પડે કે આટલી બધી વ્યક્તિમાં 'અસલી' કોણ છે ? તેથી યમરાજા મુંઝાયા ! યમરાજા યુક્તિ કરીને બોલ્યા કે કેટલી સરસ મૂર્તિઓ બનાવી છે, પરંતુ ખબર જ નથી કે આટલી સરસ મૂર્તિઓ કોણે બનાવી હશે ? મને ખ્યાલ આવે તો આટલી સરસ મૂર્તિ બનાવનારને જે માગે તે વરદાન આપું. તો પેલો મૂર્તિકાર તરત ઉભો થઈ ગયો ! કહેવાનું તાત્પર્ય મૃત્યુ ને શરણે થયો તોય તેનો મૂર્તિ બનાવવાનો જે 'અહમ્' હતો તે આવી ગયો. જો શાંતિથી બેસી રહ્યા હોત તો કાંઈ જ ન થાત. તો મેં ની ભાવના હતી કે મારો વિચાર હતો મેં મૂર્તિ બનાવી છે. તેણે બેસવા ન દીધો. આપણી અંદર મેં કર્યું એવી જે ભાવના છે તે કાઢી નાખવાની છે. મહારાજ પ્રેરણા કરે છે તો સારા કાર્યો થાય છે. સારા સંકલ્પો ભગવાનની 'કૃપા' થી આવે છે. અને જે કાંઈ ખરાબ કર્મો થાય છે તે આપણા ડહાપણથી થાય છે. પરમાત્માની આજ્ઞાનું આપણાથી 'ઉલ્લંઘન' થાય છે. એટલે ખરાબ કર્મો થાય છે. જો પરમાત્માનો 'શાશ્વત' પ્રેમ જોઈતો હોય તો જગતની 'નાશવંત' વસ્તુ છોડવી પડે છે. 'કામ' 'ક્રોધ', 'લોભ', 'માન', 'અહંકાર' વિગેરે માયાના જે ગુણો આપણામાં રહેલા છે તેને છોડવા પડે છે. 'માયા' પણ જોઈએ અને 'પરમાત્મા' પણ જોઈએ તેવું શક્ય નથી. તેને આપણે એકદમ એક સાદા ઉદાહરણના માધ્યમથી સમજીએ તો કોઈ પણ દીકરી પોતાના પિતાને ત્યાં ઉછરીને લાડકોડથી મોટી થાય છે. અને પછી સાસરે જાય ત્યારે તેને પતિના ઘરનું સુખ જોઈતું હોય તો પિયરને મુકવું પડે છે. જો પિયરને સાથે લઈને જાય તો આદર સન્માન નહિ મળે. સંસાર જાળવવા માટે માયા 'જરૂરી' પણ છે. હેતની ભાવના જોઈએ છે પરંતુ મર્યાદામાં માયા રાખવી પડે. અતિ 'આસક્ત' નહિ થવાનું. જેના ભાગ્યમાં જેટલું હોય છે એટલું જ બધાને મળે છે. આપણે કોઈના માટે 'ઉપાય' કરી શકીએ 'પ્રયત્ન' કરી શકીએ પરંતુ બધુ જ આપી શકાય તેવું શક્ય નથી. દા.ત. કોઈ માતા હોય તેના દીકરા કે દીકરીને સંભળાતું ન હોય તો પોતે જે કાનથી સાંભળે છે તો દીકરા પણ મારા કાનથી સાંભળે તે શક્ય નથી. 'પ્રારબ્ધ'માં હોય તેટલું જ મળે છે. આપણે દરેક રીતે બીજાની જીંદગી સુધારી શકીએ તેવું શક્ય નથી. અમુક વ્યક્તિ પોતાની અંદર જ આખી કોર્ટ ઉભી કરી દે છે. 'ગુનેગાર', 'વકીલ', 'ન્યાયાધીશ' બધું પોતે જ થઈ જાય છે. કોઈ ગુનેગાર પોતાના હેતવાળા હોય તો વકીલ

બની જાય છે. અમુક વસ્તુ એવી છે જેનો 'ન્યાય' કરવા માટે આપણે 'સક્ષમ' છીએ જ નહિ. કુદરતી રીતે એવું થાય છે ત્યારે ખ્યાલ આવે છે.

ભગવાન સ્વામિનારાયણ જ્યારે આ પૃથ્વી પર આવવાના હતા ત્યારે અશ્વત્થામાએ શાપ આપ્યો કે 'શસ્ત્ર' ધારણ નહિ કરી શકે. તો ભગવાને શસ્ત્ર ધારણ ન કર્યા. પરંતુ 'શાસ્ત્રો' ધારણ કર્યા. પહેલા જે અવતારો થાય તેમણે શસ્ત્ર ધારણ કરીને બાહ્ય શત્રુઓનો સંહાર કર્યો હતો જ્યારે 'સર્વોપરી શ્રી ભગવાન સ્વામિનારાયણે શાસ્ત્રો ધારણ કરી આપણી અંદર રહેલા 'અંતઃશત્રુઓનો' સંહાર (વિનાશ) કર્યો છે. જ્યારે અંતઃશત્રુઓનો વિનાશ થઈ જાય પછી બહારના શત્રુ રહેતા જ નથી ! 'સમભાવ' થઈ જાય છે. 'ઈર્ષા', 'માન', 'ક્રોધ', 'લોભ' બધું ટળી જાય છે. આપણને સૌને દર એકાદશીએ પ્રત્યક્ષ 'શ્રી નરનારાયણદેવ'ની 'છત્રછાયા' માં બે કલાક બેસીને ભજન કરવા મળે છે. તો થોડું વિચારવાનું આપણો 'પરિવાર' છે એ આપણી જવાબદારી છે. બધું બરાબર છે. પરંતુ આપણા કેટલા બધા જન્મ થઈ ગયા છતાં આપણે 'પરમાત્મા' સુધી પહોંચી શક્યા નથી. આપણી પાસે પૈસાની એક નોટ આવે છે, તો આપણે માનીએ છીએ કે આ મારી છે. પરંતુ એજ નોટ કેટલી જગ્યાએ ફરીને આવી હોય છે. ત્યારે એ એમની હતી. તેવી રીતે 'સગા-સંબંધી' છે જે અત્યારે મારા છે એ પહેલા કોઈના હશે. માટે 'અતિ આસક્ત' નહિ થવાનું. 'કળિયુગ' છે. એટલે આવું જ હોય તેવું બહાનું નહિ કાઢવાનું. કળિયુગ છે. બધું બરાબર છે. પરંતુ કળિયુગમાં પણ 'ગુણ' છુપાયેલા છે. મહારાજે કીધુ છે ને કે કળિયુગમાં માત્ર નામ સ્મરણથી જ કલ્યાણ થઈ જાય છે. તો 'ભક્તિ' પણ કરવાની અને અંતઃશત્રુઓને જીતીને પરમાત્માએ બતાવેલા રસ્તે આગળ વધવાનો 'પ્રયત્ન' કરીએ.

●

## શ્રધ્ધા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભગવત્ પ્રાપ્તિ માટે સર્વોતમ સાધનો હોય તો એ છે નિર્મળ શ્રધ્ધા અને શુધ્ધ ભાવના. વ્યાસ ભગવાને બ્રહ્મસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે ''तकान् अप्रतिमांनात्'' શ્રદ્ધાના માર્ગમાં તર્કની કોઈ પ્રતિષ્ઠા નથી. તર્કવાદી હમેંશા તર્કના જાળામાં ગૂંચવાયેલો જ રહે છે. એટલે એ નિર્મળ શ્રધ્ધા પ્રાપ્ત કરી શકતો નથી.

જુની જાણીતી લોક કથા છે કે કાશી જઈને વિદ્યાભ્યાસ કરીને આવેલ બ્રાહ્મણ એવા તર્ક પર ચડી ગયો ''धृतं पात्राधारम् वा पात्रं धृताधारम्'' ઘી પાત્રને આધારે રહ્યું છે ? કે પાત્ર ઘીના આધારે રહ્યું છે ? આખરે નિર્ણય કરવા પાત્ર ઉંધું વાળ્યું અને ઘી ઢળી ગયું. એમ આપણે જો તર્કવાદ પર ચડી જઈએ તો શ્રધ્ધાનું પાત્ર ઉંધું વળી જાય અને ભગવત્ સાક્ષાત્કાર રૂપી ધૃત પાસે હોવા છતાં ઢોળી જશે. કહેતા શ્રધ્ધા તુટશે તો ભગવાનનો સાક્ષાત્કાર નહી થાય. માટે ભગવાનની પ્રાપ્તિમાં સર્વોત્તમ સાધન શ્રધ્ધા છે.

સંસારના બંધનમાંથી છૂટવાનો સહેલામાં સહેલો ઉપાય શ્રધ્ધા છે. કોઈપણ કાર્યની સંપૂર્ણ સિધ્ધિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન શ્રધ્ધા છે. અનેક ઉપાયોથી સિધ્ધ ન થઈ શકે તેવા કઠીન કાર્યો પણ શ્રધ્ધાથી સિધ્ધ થાય છે. જો બુદ્ધિ સંશયવાળી હોય, શ્રધ્ધા વગરની હોય કે, ડગમગતી હોય તો તેમાં સ્થિરતા આવી શકતી નથી. સ્થિરતા વિના સફળતા પ્રાપ્ત થતી નથી. એ સ્થિરતા શ્રધ્ધાથી મેળવી શકાય છે.

જૂના જમાનામાં એક અબોધ બાળાને લગ્ન મંડપમાં પધરાવી એક અજાણ્યા પુરુષના હાથમાં એનો હાથ સોંપવામાં આવતો. છતાં આ મારો પતિ છે. મારે એની સેવા કરી જીવન કૃતાર્થ કરવાનું છે. એવી ભાવના એ સંસાર સુખમય બનાવી દાંપત્ય જીવન ધન્ય કરી જતી. તેમ ભગવત્ પ્રાપ્તિ અર્થે આજ રીતે શ્રધ્ધા, જીવનનો ઉધ્ધાર કરીને મોક્ષ માર્ગે લઈ જાય છે. શાસ્ત્રકારો કહે છે કેઃ-

**શ્રધ્ધા બુધ્યતે બુધ્ધિ, શ્રધ્ધા શુધ્ધતે મનઃ ।**
**શ્રધ્ધયાઃ પ્રાપ્યતે બ્રહ્મ, શ્રધ્ધા પાપ વિનાશીની ॥**

શ્રદ્ધાથી બુદ્ધિમાં સાચું જ્ઞાન પ્રગટે છે. શ્રધ્ધાથી મન શુધ્ધ થાય છે. શ્રદ્ધા સર્વ પાપનો નાશ કરે છે. અને સાક્ષાત્ પરમાત્માની પ્રાપ્તિ પણ શ્રધ્ધા વડે જ થાય છે. શ્રધ્ધા હિન

મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી.

આજે વિજ્ઞાનયુગમાં તર્કવાદ અને બુદ્ધિવાદ બહુ વધી ગયો છે. નવી પેઢીના યુવકોને યુવતીમાં આ તર્કવાદ અને બુદ્ધિવાદ પ્રધાનપણે વ્યાપી રહ્યો છે. એટલે મોટા ભાગના એ યુવકો ને યુવતીઓ શ્રધ્ધાનું સ્વરૂપ સમજી શકતા નથી. શ્રધ્ધા વિના ભક્તિ નથી. ભક્તિ વિના શ્રધ્ધા નથી. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે શ્રધ્ધાવાન પુરુષને તત્કાળ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રધ્ધા રહિત અને સંશયવાળો પુરુષ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. શ્રધ્ધાહિન મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી.

શ્રધ્ધા એટલે વિશ્વાસ એવો સામાન્ય રીતે અર્થ કરાય છે. પરંતુ વિશ્વાસ અને શ્રધ્ધા એ બન્ને શબ્દો ઘણે સ્થળે જુદા જુદા અર્થમાં વપરાયેલા જણાય છે. બીજાનું કહેલું વચન આપણને સત્ય મનાય તેને વિશ્વાસ કહેવાય. અને બીજાનું કહેલું વચન આપણે વર્તનમાં લઈએ તેને શ્રધ્ધા કહેવાય છે. વિશ્વાસથી સંશય રહિત થવાય છે. અને શ્રધ્ધાથી તુર્તજ આચરણ માં મૂકી શકાય છે. જેથી તે ઉત્તમ ભક્ત કહેવાય છે. શ્રધ્ધાથી સર્વે કાર્ય સિધ્ધ થાય છે. ધર્મની વૃધ્ધિ પમાડનાર તથા પ્રાપ્તિ કરાવનાર શ્રધ્ધા છે. શ્રધ્ધા તે માતાને સ્થાને છે. જેમ માતા બાળકને પાલન-પોષણ કરીને મોટો કરે છે તેમ શ્રધ્ધા પણ ધર્મનું પોષણ કરી તેને વૃધ્ધિ પમાડે છે. શ્રધ્ધાહિન મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી. શ્રધ્ધા વિના પૂજન કરે, સેવા કરે, માળા ફેરવે, પ્રદક્ષિણા કરે પણ પુરુ ફળ મળતું નથી. શ્રધ્ધાવાન માણસ ધારે તે કામ કરી શકે છે.

ઉત્તર ગુજરાતમાં ઉંઝા નામનું ગામ આવેલું છે. તે ગામમાં જેકુંવરબા નામના એક સત્સંગી બહેન થઈ ગયા. શ્રીજી મહારાજ તેમને ઘેર દિવ્યરૂપે પધાર્યા. ત્યારે તે બહેન રસોઈ બનાવતા હતા. તેથી મહારાજ બહાર ઓસરીમાં જ બેઠા રહ્યા. ઘણીવાર પછી જેકુંવરબા બહાર આવ્યા. ત્યાં તો મહારાજને જોયા. તેથી ગાંડા-ઘેલા બની ગયા. અને રાજી રાજી થઈ ગયા. પછી મહારાજે તેમને પૂછ્યું. હે, જેકુંવરબા, તમારે રસોઈ કરતા દરરોજ આટલી બધી વાર લાગે છે ? ત્યારે જેકુવંરબા કહે, હા મહારાજ વાર તો બહુ લાગે છે.' ત્યારે મહારાજ કહે ત્યારે ભજન ક્યારે કરો છો ? ત્યારે જેકુંવરબા બોલ્યા, ''હે મહારાજ ભજન તો ઓછું થાય છે. હવે તમે કહો તેમ કરૂં'' ત્યારે મહારાજ બોલ્યા, કાલથી તમારે ફક્ત એક શીંઘોડું ખાવું, રસોઈ બનાવવી નહીં. તેમજ બીજું કંઈપણ ખાવું નહિ. તુરત જેકુંબરવા એ હા કહી અને દરરોજ ફક્ત એક શીંઘોડું ખાઈને રહેવા લાગ્યા. કોઈપણ આધ્યાત્મિક સત્કર્મમાં શરૂઆતથી તે સિધ્ધિ પર્યંત ત્રણ વસ્તુની જરૂર પડે છે. (૧) પ્રીતિ (૨) વિશ્વાસ (૩) શ્રધ્ધા. જેકુંવરબામાં ત્રણેય વસ્તુઓ હતી. શ્રીજી મહારાજ સાથે હેત હતું. તેના કારણે મહારાજે એક શીંઘોડું ખાવાનું કહ્યું એટલે વિશ્વાસ આવી ગયો કે મહારાજ કહે છે એટલે જરૂર રહી શકાય. આ રીતે સત્ય મનાઈ ગયું. એટલે વિશ્વાસ આવી ગયો કહેવાય. પરંતુ શ્રધ્ધા આવી ન કહેવાય. પછી બીજે દિવસે તે વચનને આચરણમાં લાવી ક્રિયાત્મક બનાવી દીધું. તેથી શ્રધ્ધા આવી ગઈ કહેવાય. તો તે જેકુંવરબાને શ્રીજી મહારાજના વચનમાં શ્રધ્ધા હતી તેથી આજીવન એક શીંઘોડું ખાઈને રહ્યા હતા. કારીયાણીમાં તળાવ ખોદાતું હતું ત્યારે દરરોજ એક મણ અનાજ પોતાના હાથે દળીને સેવા કરતા હતા. અને તે લોટના રોટલા બનાવીને સેવા કરનાર લોકોને આપતા હતા. આવી શ્રધ્ધા, પ્રેમ ભાવ, ભક્તિભાવ રોટલા બનાવવાનો આવો ઉત્સાહ સંતોમાં હતો. માટે શ્રધ્ધા જીવનમાં ઉતારવી. આપણી શ્રધ્ધા કાચા સુતરના તાંતણા જેવી છે. તુરત તૂટી જાય છે. માટે શ્રધ્ધા તીવ્ર જોઈએ. તીવ્ર શ્રધ્ધા જોઈને મહારાજ દર્શન દેવા પધારે છે.

શબરીની તીવ્ર શ્રધ્ધાથી સતી પાર્વતીજીની તીવ્ર શ્રધ્ધાથી ભગવાન દર્શન દેવા પધાર્યા છે. માટે શ્રધ્ધાને જીવનમાં ઉતારજો. પૂર્ણ શ્રધ્ધાથી કરેલા કર્મનું અનંતગણું ફળ મળે છે. શ્રધ્ધા હશે તો અંત સમયે શ્યામને ભક્તની ઈચ્છાનુસાર આંખ નિકટ આવવું પડે છે.

હરિભક્તો કહે કે ફલાણાને અંતકાળે મહાપ્રભુ માણકી ઘોડી લઈને તેડવા આવ્યા હતા. વૈષ્ણવો કહે છે ભક્તને ભગવાનના પાર્ષદો વૈકુંઠમાં લઈ ગયા. આમ શ્રધ્ધા હોય તો ભગવાનને અંતકાળે તેડવા આવવું પડે છે. માટે ભગવાનની પ્રાપ્તિનો સરળ ઉપાય ક્રિયા નથી પણ શ્રધ્ધા છે. ભગવાન હઠથી મળતા નથી પણ સાચી શ્રધ્ધાથી મળે છે. શ્રધ્ધાથી જ ભગવાન સંતુષ્ટ થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ખાલી હાથે દર્શન કરવા ક્યાં ન જવું ? - શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે.

**પ્ર. ૨** કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને જ્ઞાન ઉપદેશ આપતા ચાર પ્રકારના ભક્ત કહ્યા છે તે ક્યા ?

**પ્ર. ૩** ભક્તિમાતાના ભોજાઈ સુંદરીબાઈ ધીરે ધીરે રસોઈ બનાવતા હતા. ભક્તિમાતાને ભૂખ લાગી ત્યારે ઘનશ્યામપ્રભુએ તુરંત કોને યાદ કર્યા અને માતા ભક્તિદેવીએ શું કહ્યું ?

**પ્ર. ૪** ઉપાસના એ કરીને કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના નિર્વાસનિક થઈને શ્રીહરિના એકાંતિક ભક્ત થવાતું નથી તે ત્રણ અંગના નાણ જણાવો ?

**પ્ર. ૫** ભગવાનની મૂર્તિમાં ચિન્હ અને તિલ કેટલા છે ?

**પ્ર. ૬** સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચિત ઉધ્ધવગીતા ગ્રંથમાં કેટલા કડવા અને પદો છે ?

**પ્ર. ૭** ''સજી શૃંગાર વધાવન આઈ, દ્રિજનારી ઘરઘરકી, આઈ છઠ્ઠી શ્રી ધર્મકુંવરકી...'' - આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

## જૂન-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** સ.ગુ. નિર્વિકારાનંદ સ્વામી. **(૨)** દધિચી ઋષિ. **(૩)** ''તમે ચોરી કરી છે તેના પ્રાયશ્ચિત રૂપે પાંચસો પરમહંસોને દશ-દશ દંડવત કરો અને ઉત્સવમાં આવેલા હજારો હરિભક્તોને એક-એક દંડવત કરો.'' **(૪)** ''મને ઘણ હાથમાં આપે તો પથ્થર ભાંગુ.'' **(૫)** સારંગપુરમાં અંતકાળે કોઈને યમદૂતો લેવા ન આવે. **(૬)** ગર્ગાચાર્ય પુરોહિત. **(૭)** સ.ગુ. દેવાનંદ સ્વામી.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩ ભાવસાર ચંદુભાઈ પુરુષોત્તમદાસ (નવાવાડજ)
૪ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૫ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૬ પટેલ નિરવ દિવ્યેશ ડી.
૭ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૮ પટેલ શારદાબેન રાવજીભાઈ (સાબરમતી)
૯ પટેલ લલિતાબેન રમણભાઈ (સાબરમતી)
૧૦ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૧૧ પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૧૨ પટેલ નયનાબેન સુમનભાઈ (સાબરમતી)
૧૩ પટેલ લલિતાબેન જયંતિભાઈ (સાબરમતી)
૧૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનભાઈ (ડાંગરવા)
૧૫ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૬ પટેલ ઉમંગ મુકેશભાઈ (કલોલ-પંચવટી)
૧૭ પટેલ રેખાબેન (ઉંઝા)
૧૮ પટેલ મીના મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૧૯ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૨૦ સોલંકી વિનુજી પોપટજી (ડાંગરવા)
૨૧ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-સુ.નગર)
૨૨ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૩ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૨૪ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૨૫ ઝોલાપરા જ્યોત્સના કે. (સુરેન્દ્રનગર)
૨૬ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૭ મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૮ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૯ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૦ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૩૧ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૩૨ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૩ હર્ષદ સ્વામિનારાયણ મંદિર (બાપુનગર)
૩૪ ચાવડા નીતાબેન ઠાકરસીભાઈ (નરોડા)
૩૫ પટેલ મીનાબેન કમલેશભાઈ (કૂહા)
૩૬ પટેલ શારદાબેન રતિભાઈ (સાબરમતી)
૩૭ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૩૮ પટેલ ધ્રુવ (માણસા)
૩૯ ઘર સભા બહેનો (લુણાવાડા)
૪૦ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૪૧ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૪૨ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૪૩ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૪૪ સાં.યો. બહેનો સ્વામિનારાયણ મંદિર બહેનોનું (મોરબી)
૪૫ સાં.યો. ભારતીબા, મંજુબા સ્વામિનારાયણ મંદિર (કાલુપુર)
૪૬ ભાવસાર અરવિંદાબેન (ઘાટલોડીયા)
૪૭ પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા)
૪૮ સુવાસિની મંડળ (લુણાવાડા)
૪૯ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૫૦ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫૧ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૫૨ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫૩ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૫૪ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
